# ગ્લેસિયર એક્સપ્રેસમાં પ્રવાસની મોજ !







## લાલરંગના 'કેટરપિલર'ની છે આ કમાલ... સવારનો નાસ્તો સેન્ટ મોરિત્ઝમાં, બપોરનું જમણ આભ સાથે વાત કરતા આલપ્સ પર્વતની ઊંચાઈએ અને રાત્રિભોજન ઝેરમેટમાં લેવાનું સૌભાગ્ય !

પ્રવાસ
- અપર્ણા કાર્તિકેયન

તમને કદાચ આશ્ચર્ય થશે કે વિશ્વના સૌથી ખર્ચાળ પર્યટન સ્થળોમાંના એક સ્થળ અને વિશ્વના એટલા જ આકર્ષણરૂપ પર્વતાળ ગામ વચ્ચે દોડતી ટ્રેનના પ્રવાસને "વિશ્વની સૌથી ધીમી ફાસ્ટ ટ્રેન"માં પ્રવાસ તરીકે કેવી રીતે ગણવાય? સ્વિટ્ઝર્લેન્ડના પૂર્વ છેડાથી પશ્ચિમ છેડાએ જતી આ ટ્રેન આલપ્સ પર્વતમાળામાં થઈને સરકે છે અને ૭.૫ કલાક પછી બીજા છેડે પહોંચે છે. આંખમાં પણી લાવી દે તેવા ખર્ચાળ છતાં અતિશય સુંદર શહેરો ઝેરમટ અને સેન્ટ મોરિત્ઝ વચ્ચેનો આ પ્રવાસ છે.

સેન્ટ મોરિત્ઝથી ગ્લેસિયર એક્સપ્રેસ સવારે ઉપડે છે અને તમારે કામચલાઉ રાત્રિનિવાસ કરવો પડે છે. અમને ઘણી વિનંતીઓ અને ભારે રકમ ચૂકવ્યા પછી પણ ગામથી દૂર એક નાની હોટલમાં રાત્રિનિવાસની સગવડ મળી હતી! અમે સેન્ટ મોરિત્ઝ પહોંચ્યા પછી જ અમને સમજાયું કે આટલી જંગી રકમ શા માટે ચૂકવવી પડે છે અને એ રકમ વસૂલ થયા સમાન છે. શુદ્ધ નીલમના ભૂરા રંગનું સ્તબ્ધ કરી દેનારું વિશાળ સરોવર અને તેના કાંઠેથી તમને ઊંચકતા વિશાળ એસ્કેલેટર્સ સાથોસાથ સરોવરની ફરતે હિમાચ્છાદિત અને રમણીય પર્વતો, ડિઝાઈનર સ્ટોર્સથી શણગારાયેલી પહોળી અને ગ્લેમરસ સ્ટ્રીટ અને અહીં ચાલી રહેલી તમામ ચીજવસ્તુઓ છડી પોકારતી કહે છે, "પ્રસિદ્ધ અને તવંગર લોકો માટે આ રમતનું મેદાન છે." સમગ્ર શિયાળા દરમિયાન સેન્ટ મોરિત્ઝ કાળજીપૂર્વક નમણા લોકોની સંભાળ લે છે અને ઉનાળામાં ચળકતા ફરકોટસથી છવાયેલી શેરીઓ જોવા મળશે તેમ અમને કહેવાયું હતું. જોકે, અમને આવો કોઈ અનુભવ થયો નહીં, કારણ કે વર્ષના ૩૨૨ દિવસ ચમકતો સેન્ટ મોરિત્ઝનો સૂર્ય અમારા પ્રવાસ સમયે વરસાદી વાદળોથી છવાયેલો હતો.

બીજા દિવસની સવારે ૧૦.૦૨ કલાકના ચોક્કસ સમયે લાલચટાક રંગના કદાવર કેટરપિલર (ટ્રેન)ની પ્રવાસનો આરંભ થયો હતો. સેન્ટ મોરિત્ઝ રેલવે સ્ટેશનેથી ૩૯ કિલોમીટર પ્રતિ કલાકની ધીમી ઝડપે ઝરમેટ જવા તેનું પ્રયાસ થયું હતું. ૧૯૩૦ની ૨૬મી જુલાઈએ ગ્લેસિયર એક્સપ્રેસનો પ્રથમ પ્રવાસ શરૂ થયો ત્યારથી આ ટ્રેને હજારો સ્કી રમતના શોખીનો અને સહેલાણીઓને પર્વતના શિખરે આવેલા સ્કી રિસોર્ટ પરથી બીજા રિસોર્ટ સુધી પહોંચાડ્યા છે. જોકે આટલી વ્યાપક લોકપ્રિયતા છતાં પર વર્ષ સુધી તો આ ટ્રેન માત્ર ઉનાળા પૂરતી જ દોડી હતી, કારણ કે, શિયાળામાં અતિશય ઊંચાઈના ફુરકા આલ્પાઈન માર્ગ સહિતના કેટલાક માર્ગ અસુરક્ષિત હતા. પરંતુ સ્વીસ લોકો બરફના ટેકરાઓ અને પસાર ન થવાય તેવા દુર્ઘર્ષ પર્વતોને પોતાના માર્ગમાં આવવા દે તેવા નથી. લગભગ ૧૦ વર્ષથી સખત મહેનત અને નોંધપાત્ર-ગૌરવપ્રદ ઈજનેરી ક્ષમતાના પ્રદર્શન થકી તેઓએ ૧૯૮૨માં રિઆલ્પ અને ઓબેરવાલ્ડ વચ્ચે ૧૫.૪ કિમી લાંબી અને મહાકાય ફુરકા ટનેલનું ઉદ્ઘાટન કર્યું હતું.

આજે અલ્ટ્રામોર્ડન ટ્રેન તેની મોટી અને વિશાળ પ્રદેશનું દર્શન કરાવતી બારીઓ સાથે આખા વર્ષ દરમિયાન પ્રવાસ કરાવે છે, જ્યારે ગ્લેસિયર એક્સપ્રેસ ૨૦૩૩ મીટરની ઊંચાઈએ ઓબેરલેપ ઘાટ પરથી પસાર થાય છે ત્યારે પ્રવાસીઓનાં દિલધડક ઊંલકારાઓ સંભળાય છે. જે આપણને મહાકાય ચગડોળની સહેલ માણતી વખતે જોવા મળે છે. જોકે, ગ્લેસિયર એક્સપ્રેસ ચગડોળની માફક નીચે ધસી જતી નથી. આ ટ્રેનની બાબતમાં તમે ઉત્તમ અને આરામપ્રદ અનુભવ મેળવો છો. ભોજન (જોકે, શાકાહારી વિકલ્પ મર્યાદિત છે) પણ અતિશય સ્વાદિષ્ટ અને ઉમદા હોય છે.

સેકન્ડ ક્લાસના એકમાર્ગી પ્રવાસ માટે ૧૩૩ સ્વીસ ફ્રાન્ક (સીએચએફ) અને જો તમારી પાસે સ્વીસ રેલવે પાસ હોય તો માત્ર ૩૩ સ્વીસ ફ્રાન્કની વધારાની ચુકવણી સાથે તમે લગભગ આખા દિવસ સુધી પ્રકૃતિનું નયનરમ્ય દર્શન કરી શકો છો, જે અન્યથા તમને મળતું નથી. આ સાથે મહત્ત્વની અને બિનમહત્ત્વની ઐતિહાસિક તથા અન્ય માહિતી સતત તમને મનપસંદ ભાષામાં મળતી રહે છે. તમે તસવીરી વિશ્વમાં છવાઈ ગયેલા સ્થળ લેન્ડવેસ્સર વિઆ-ડકટ (કમાનવાળો રેલવેબ્રિજ) પહોંચો ત્યાં સુધીમાં તો નાણાં વસૂલ થઈ જાય છે. માર્ગના દરેક વળાંક અને અર્ધવળાંક પર તમને નવા લેન્ડસ્કેપ્સ વિશાળ ગામડાંઓ, ઊંચા મિનારાઓ, લાલ ઈંટોના ઢળેલા છાપરાઓ સાથેના મકાનો, રેલવે ટ્રેકથી થોડાં જ મીટરના અંતરે ચરતી મહાકાય અને છીંકણી ગાયો, તમારી આંખ સામે પીગળતો બરફ, નાના જળધોધની માફક નીચે જતી મોટી ટેકરીઓ, ગાઢ અને લીલા રંગના પાઈન વૃક્ષોના જંગલો અને જંગલી હરિયાળા ઘાસના બીડ, ઊંડી ખાણો, કોતરો, પ્રાચીન નદીઓ, નવા ચળકાં પુલ આ પ્રવાસમાં જરા પણ કંટાળાજનક લાગે એવું કશું નથી.

વધારે પડતા ઉપયોગથી તમારો કેમેરા બંધ પડી જાય તે પહેલા તો ટ્રેન ઝેરમટ પહોંચે છે. સ્ટેશનથી બહાર નીકળતાં જ ઈલેક્ટ્રિક ટેક્સીઓ અને ઘોડાગાડીઓ તમારા સ્વાગત માટે હાજર હોય છે. તમને આનંદ થશે કે ઝેરમટ કારમુક્ત ગામડું છે. કારને તાશ્ક ખાતે પાર્ક કરાય છે અને ત્યાંથી આવવા-જવાની સવલત પણ મળે છે. ટોબ્લેરોન ચોકલેટની પ્રેરણારૂપ મેટરહોર્ન પર્વત કુદરતે શક્ય તેટલા પ્રમાણમાં ત્રિકોણીય આકાર આપેલો છે. આ પર્વત ગામના અડીખમ રક્ષક તરીકે ઉભો છે. ઝેરમેટમાં સ્વીસ ધોરણો મુજબ રહેવાનું પોસાય તેવું છે. ત્યાંના કાફે અને પબમાં યુવાનો અને પીઢોની ધમાલ રહે છે. જોકે એક સમાનતા નોંધવા જેવી છે અને તે સર્વવ્યાપી સ્વીસ બ્રાન્ડની ઘડિયાળો છે. જેમાંની કેટલીક ઘડિયાળની બ્રાન્ડની કિંમત એટલી છે કે તમને એવું આશ્ચર્ય પણ થાય કે તેઓ ગ્લેસિયર એક્સપ્રેસના પ્રવાસમાં મફત સાથે તો નથી આપતા ને....

### હાથવગી હકીકતો....

- ★ સ્વિટ્ઝર્લેન્ડના શ્રેષ્ઠ રેલવે નેટવર્ક મારફત સેન્ટ મોરિત્ઝ અને ઝેરમટ સહેલાઈથી પહોંચી શકાય છે. તમે ઝ્યુરિચ અથવા જિનેવા વિમાન માર્ગે પહોંચ્યા પછી પણ ટ્રેન દ્વારા થોડા કલાકોમાં જ પર્વતીય રિસોર્ટમાં જઈ શકો છો.
- ★ તમામ બજેટને અને ખાસ કરીને અતિ ઊંચા બજેટને અનુરૂપ એકોમોડેશન મળી શકે છે. જો તમે થોડા વહેલા બુકિંગ કરાવો અને થોડા વધુ પ્રવાસની તૈયારી હોય તો તમને થોડું સસ્તું પડી શકે છે.
- ★ (રાહટીસ બાન અને મેટરહોર્ન ગોટાર્ડ બાન દ્વારા સંયુક્તપણે સંચાલિત) ગ્લેસિયર એક્સપ્રેસ ઉનાળામાં દિવસ દરમિયાન અનેક વખત દોડે છે, પરંતુ શિયાળામાં બંને છેડેથી એક-એક ટ્રીપ જ કરાય છે.
- ★ ૨૯૧ પુલ અને ૯૧ બોગદાં પસાર કરીને આ ટ્રેન લાંબા ૭.૫ કલાકમાં માત્ર ૨૯૦ કિમીનો પ્રવાસ આવરી લે છે. વાસ્તવિક રીતે, સમગ્ર યુરોપમાં સૌથી શ્રેષ્ઠ પ્રકૃતિદર્શન તરીકે લેખાય છે.

# ૩૫૦૦૦ પાઉન્ડની કોકટેલનો બોધપાઠ જો આપણે ધનસંપત્તિ અંતર ગાળાની સમસ્યા નહીં ઉકેલીએ તો સમજી લો કે આપણે બીજા ઉકળતા ચરૂ તરફ ધસી રહ્યા છીએ

સાંપ્રત
- આદિત્ય ચક્રબર્તી

સન ૨૦૦૭ ની શરદઋતુમાં બ્રિટને ઉજવેલ ક્રિસ્મસ, આર્થિક સંપન્નતા કાળમાં મનાવેલો છેલ્લો તહેવાર હતો. અને આ ઔદ્યોગિક તેજીકાળે આવનારા અમુક ચોક્કસ વર્ષોમાં તેનો અભાવ વર્તાવવાનો હતો. રસ્તાઓ ઉપર ખરીદી કરનારાઓનો રાફડો ફાટ્યો હતો. અને તેમના ચહેરા ઉપર ભવિષ્યમાં નોકરી ગુમાવવાની ભયયુક્ત ચિંતાના ઓછાયાનો લેશમાત્ર ચિન્હો પણ નહોતા. બીજું કર્મચારીઓને પોતાના છેલ્લા બોનસની સમગ્ર બેન્ક પધ્ધતિ માળખું તૂટતાં પૂર્વ, ચૂકવણી કરી દેવામાં આવી હતી. અને મને છાશવારે ખબર પડી હતી. કે લંડનની એક નાઈટ ક્લબે દુનિયાની સૌથી મોંઘીદાટ કોકટેઈલ, કે જેની કિંમત પ્રતિ જામ ૩૫૦૦૦ પાઉન્ડ હતી, વેચવાનું પ્રારંભ કર્યું હતું. આ એ રકમ હતી જેના ખર્ચ ઉપયોગ દ્વારા આપ કોગ્નેટનો એક પેગ, ક્રિસ્ટલની અડધી બોટલ, એક હિરા જડિત વીંટી અને સંભવતઃ બીજા બદમાશો અને જુગારીઓથી પોતાના રક્ષણ માટે બે સિક્યુરીટી ગાર્ડની સેવા ખરીદી શકતા હતા.

ઉપરોક્ત નોંધ લખાણ વખતે મેં એક એમપીનો ટેલિફોનિક સંપર્ક સાધ્યો. તેમના માનહીનતાયુક્તના આક્રોશ દ્વારા વ્યક્ત કરાયેલા શબ્દો સંદર્ભસૂચિની યાદીમાં મુકવા લાયક હતા. (તમે તમારા રૂપિયા ધનને તુલ્નાત્મક રીતે ઓછા સમૃધ્ધ અથવા તો ગરીબો સામે આગ પણ લગાવી શકો છો સમજ્યા) અને એક સામાજિક આલોચકે કડવા કટાક્ષાર્થી ભાવ અને તેજાબી લેહજામાં પ્રતિક્રિયા આપી (ખરીદનારાઓ ના મગજમાં અક્કલ નહીં ગાંડપણ હોય છે. આ અક્કલના બારદાન બટાકામાંથી ઉગીને બહાર આવ્યા છે સમજ્યા) થોડાક મહિના પછી જ લેહમેન બ્રધર્સનું પતન થયું પરંતુ અમારી સમક્ષ એ સમયે બીજી મસમોટી ચિંતાઓ આવીને ઊભી રહી હતી.

આજે પણ એ કોકટેલ કે જેની કિંમત સમગ્ર બ્રિટનના કામગારવર્ગના ત્રણપા (પોણા) ભાગના પગાર જેટલી હતી તે બ્રિટનના તેજી સમયનાં અમીરો ગરીબો વચ્ચેના અંતરદર્શક માપદંડનો પ્રતિક બનીને રહી ગઈ છે. અને જ્યારે જ્યારે આ અમીર ગરીબ વચ્ચે વધતા અંતરની આલોચના કરવામાં આવે છે ત્યારે ત્યારે ફક્ત એટલું જ આંગૂલિ નિદર્શન કે જે રાજકીય કટાક્ષ અને નિંદા આધારિત હોય છે, જેમાં રાજકારણીઓ અને પંડીતોની ટીકા ટકોરનું અંશ હોય છે કે ભઈ આ બે વર્ગો વચ્ચે વધતું અંતર ખોટી અને અનૈતિક બાબત છે. અથવા તો તેઓ ગયા વર્ષે ખંતીલા અને ચપળ જાહેર સ્વાસ્થ્ય વિશેષજ્ઞ વિલ્કીનસન અને કેટ પિકેટ દ્વારા હાથ ધરવામાં આવેલા અને જેમાં દર્શાવેલા તથ્યો કે જ્યારે ધન સંપન્ન લોકો બીજાઓની અવગણના કરી (પોતાની મસ્તીમાં રચ્યાપચ્યા ધન વ્યય કરે છે) અને તેમને પાછળ છોડી દે છે ત્યારે સામાજિક બદીઓ અપરાધથી લઈ આત્મહત્યા સુધીની ખરાબીઓ એનું રૂદ્ર સ્વરૂપ ધારણ કરી લે છે. એવા તારણીય સર્વેક્ષણ કે જેનું મથાળું ધી સ્પ્રિટ લેવલ હતું. તેના વાક્યોની શબ્દ સૂચિ કે સંદર્ભ સૂચિ ફટાકથી આલોચનાત્મક દલીલના રૂપમાં સામે ધરી દે છે. પાછલા કેટલાક હપ્તા દરમ્યાન આ જોડીને જમણેરીઓના ક્રોધ - પ્રકોપનો સામનો જરૂર કરવો પડ્યો છે. પરંતુ તેમની દલીલોને પણ સર્વથા સ્વિકારવામાં આવી છે.

પરંતુ આ બધા મુદ્દાઓમાં કજિયો તો જમણેરીઓનો (સંપૂર્ણ અવગણાયુક્ત) કરવામાં આવેલા હુમલાના પ્રત્યુત્તરના રૂપમાં સમાયેલો છે. જે આમ છે "આમાં ખોટું શું છે ? હેં ? ચિંતા - ભયમાં પથારી પલાળનારા લિબરલો ને અસમાનતા ખૂંચતી હશે, તેમા શ્રીમાન કે શ્રીમતી આ અંગે ગમે તે કહી શકે, પરંતુ આ એ કિંમત છે જે ધસમસતા અને વિકાસ પામતા અર્થકારણ માટે અનિવાર્ય રીતે ચુકવવી પડે છે સમજ જ્યા સમગ્ર મોટા અર્થકારણોમાં આવી ધાંધલી અને અન્યાય તુલનાત્મક રીતે ખુબજ ઊંડે ઘર કરી ગયેલ બાબત છે પરંતુ તે આ બધામાં સૌથી ધનાઢ્ય (અર્થકારણ) પણ છે" એકદમ સીધો સાદો વળતો જવાબ.

અમારી પાસે છે અને અમને વધુ જરૂર છે વચ્ચેનો મોટો અંતર મૂડીવાદની સફળતાનું સૂચક માપદંડ દેખીતી રીતે જ નથી અને ખરેખર કોઈપણ અર્થમાં નથી એટલું જ નહીં પરંતુ આની સાથે સાથે આ એક અત્યંત બિહામણી અને ભયજક આર્થિક નિષ્ફળતા તરફ પણ ઈશારો કરે છે. પોતાની કૃતિ ફોલ્ટ લાઈનમાં રઘુરામ રાજને આ કટોકટીના સંદર્ભમાં ધારદાર અને ગળે ઉતરે એવી દલીલો રજૂ કરી છે. મિસ્ટર રાજનને ધ્યાનાકર્ષણ કરનારી પરંતુ અતિ નજીવી સમસ્યા બેન્કર્સના બોનસમાં જરાયે રસ નથી. આની જગ્યાએ તેઓ આંતરરાષ્ટ્રીય આર્થિક સમસ્યાઓનું વિશ્લેષણ કરે છે. એવી સમસ્યાઓ જે ઉકળતા જવાળ જેવી છે. અને ગંભીર કટોકટી સર્જી શકે છે.





જૂન ૨૦૦૯માં એક ઘરવિહોણી વ્યક્તિ લોસ એન્જલસના એ સ્ટોર આગળથી પસાર થઈ રહી છે. જે ધંધા ઉપર પૂર્ણ વિરામ મૂકી "આઉટ ઓફ બિઝનેસ" જઈ રહ્યો છે. અમારી પાસે છે અને અમને વધારવાની જરૂર છે, એવા બે વર્ગો વચ્ચેનો ફાસલો નોંધપાત્ર આર્થિક નિષ્ફળતાનું સૂચક પ્રતિક છે.

જ્યારે કોઈપણ સમસ્યા - કટોકટીનો મામલો હોય ત્યારે આ IMFના પૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રી બખૂબી એ વાતથી વાકેફ હોય છે કે એ શું કહી રહ્યા છે અને કહેવા માંગે છે. આજકાલ એવા વિશ્લેષકો કે જે દાવો કરે છે કે તેમણે આ સ્ફોટક સમસ્યાના આવતરણને પહેલાંથી જ જોઈ લીધું હતું, તેમની સંખ્યા ૧૯૭૬ના માન્ચેસ્ટરના ફ્રીટ્રેડ હોલના સંગીતકારોથી યે વધારે છે કે જે અમસ્થી અને આંધળી સોગંદ ખાઈને દાવો કરે છે કે પિસ્ટલને "માન્ચેસ્ટર ફ્રીટ્રેડ હોલ"ની ધૂન એ જ વર્ષે વગાડતાં જોઈ છે. પરંતુ ૨૦૦૫ની કોન્ફરન્સમાં મિસ્ટર રાજને ખુબ જ ખંત અને હિમ્મતથી આ અંગે ત્યાંના મુખ્ય બબલ બ્લોવર (સાબુના પરપોટા ફુંકમારી બનાવનારા) એલન ગ્રીન સ્થાનને મોઢાં મોઢે ચોખ્ખું ચોપડાવી દીધું હતું.

**ફરજિયાત કરજ :**

એટલે જ જ્યારે મિસ્ટર રાજન જ્યારે અમેરિકાના ધનસંપન્ન અને બીજા બિસ્માર વચ્ચેના ભંગાણ અંતર (ફ્રેક્ચર ગેપ) ની વાત કરે છે ત્યારે તેને ચોક્કસ કાનધરીને સાંભળવી જોઈએ. આ અંગેના કારણદર્શક માપદંડ એકદમ સીધા અને સરળ છે : મધ્યમ વર્ગના અમેરિકન પરિવારોએ વિતેલા કેટલાક દશકોમાં પોતાના પગારમાં વધારો જોયો જ નથી જેના પરિણામે તેમને અત્યંત ભયજનક એવી ઉચ્ચ રકમોનું કરજ લેવાની ફરજ પડે છે. જેથી કરીને તેઓ ઘર ખરીદી શકે, પોતાનું પ્રવર્તમાન જીવન સ્તર ટકાવી શકે - અથવા તો સીધા સાદા શબ્દોમાં પોતાને પાછળ પડતાં (એ પ્રકારનાં પતનથી) રોકી શકે.

જેમ કે તેઓ જણાવે છે કે આ જીવલેણ અને વિનાશક વિસ્ફોટ બિલ ક્લિન્ટન અને જ્યોર્જ બુશે કર્યો છે કેમ કે તેઓ જાણતા હતા કે આ એક એવો સ્ફોટ છે કે જેમાં તેમને "ન્યૂનતમ અને નહીવત પ્રતિરોધ વાળા રસ્તા" નો સામનો કરવો પડશે એવી ખબર હતી. છેતરામણા અને ફરેબી માલિકીના ઘરો, કાર લોનો વિગેરે ઉપર ક્રેડીટ કાર્ડનું ધોખાયુક્ત આવરણ ચઢાવી તેઓ પોતાના મતદારો સમક્ષ બે આંગળીઓ ઉંચી કરી "ફતેહ" ની ભ્રામક નિશાની બતાવી ખુશ કરતા હતાં.

તો અમેરિકાની આ શ્રીમંતતાની બાકોરી ફાંટ (વેલ્થ ગેપ) કે દુષ્ટ અને ધુણાસ્પદ હતી. આ સંબંધમાં ૧૯૭૬ અને ૨૦૦૭ ના ગાળા માટેની મિસ્ટર રાજનની ગણતરીને જોઈએ તો તે પ્રમાણે એક ડોલરમાના ૫૮ સેન્ટનો ફક્ત સમગ્ર દેશના એક ટકા એવા ઉચ્ચ - ધંધાદારી વર્ગ ના હાથમાં જ જતા હતા. જ્યારે અમેરિકાની ૯૯ ટકા વસ્તીને બીજા વધેલા ૪૨ સેન્ટના ખુલ્લા પરચુરણથી પોતાનું ગુજરાન ચલાવવું પડતું હતું. એટલે આ સમગ્ર દેશમાં ૧૯૨૯ના વોલસ્ટ્રીટ કટોકટી જેવી સમસ્યા સર્જાઈ અને તેનું પરિણામ પણ એ ભંગાણ ઉત્તરના પરિણામ જેવું જ આવીને ઊભું રહ્યું.

**ઈતિહાસના બોધપાઠો :**

એટલે કોઈપણ એવી વ્યક્તિ કે જે ભૂતકાળના ઈતિહાસથી વાકેફ હોય તેના માટે એ અંદાજ કાઢવો ખૂબજ આસાન હતું કે અસમતુલિન અર્થકારણ કે જે એક બાજુ નમેલું હોય તે કુદરતી રીતે જ ગુલાંટ ખાઈ પડી જવાનું.

જેમ કે જહોન કેનીથ ગેલબ્રેથે પોતાના ઉમદા દરજ્જાના અને શ્રેષ્ઠ ધ્યાનાકર્ષિત કરતાં વિશ્લેષણ "ગ્રેટ ક્રેશ"માં ઉજાગર કર્યું છે તે મુજબ : "ધનિક અને ધનાઢ્ય લોકો અસંખ્ય અને ઢગ અંબાર જેટલી બ્રેડ ખરીદવાના નથી અને ખરીદી શકતાય નથી. તેમને જે કંઈ ધનવળતર મળે છે તેનાથી ખર્ચ - છૂટકારો પ્રાપ્ત કરવો હોય (અથવા તો વેડફીને ઠેકાણે લગાવવું હોય) તો તેઓ આનો વ્યય ભોગવિલાસ / એશઆરામના સંસાધનોની ખરીદીમાં અથવા તો મૂડીરોકાણ ના રૂપમાં જ કરવાના" એટલે અર્વાચીન યુગમાં પૈસા ફુંકવાનું સાધન એટલે ગૃહનિર્માણ ક્ષેત્રે રોકાણ અથવા તો બર્ની મેડોફ દ્વારા ધોકાબાજ દ્વારા ચલાવવામાં આવતાં ફન્ડમાં ધનની ધોકણી, અથવા તો ૩૫,૦૦૦ પાઉંડની કોકટેલનો ઘૂંટડો. કેમ કે અમેરિકાની "આમચી અમચી અર્થવ્યવસ્થા" ની જેમ જ બ્રિટન માંનો પ્રવર્તમાન ધન સંપન્નતાનો ગાળો એટલો જ મોટો દૂષણ અને ભૂંડો છે. બ્રિટીશ વિશ્લેષક સ્ટુઅર્ટ વિન્સ્લેની ધારદાર રજૂઆત પ્રમાણે બ્રિટનના મોટાભાગના કામદાર વર્ગે પોતાના વેતનમાં ફુગ્ગામાંથી દબાવીને નિકળાતી હવા જેવો મસમોટો ઘટાડો જોયો અને અનુભવ્યો છે એ પણ એવા સંજોગોમાં કે જ્યારે તેમની ઉત્પાદકતા ખૂબ જ ઉચ્ચ સ્તરની રહી છે.

પરંતુ આ શરત પરિસ્થિતિ ઉપલાવર્ગના ૧૦ ટકા કે જેમાં બેન્કર્સ અને ઉચ્ચ વર્ગના કોર્પોરેટ અમલદારો / એક્ઝીક્યુટીવને લાગુ પડતી નથી, તેઓ કે જેમણે પોતાના પગારમાં વિત્યા ત્રણ દશકમાં ૧૦૦ ટકા વૃધ્ધિ જોઈ છે, આમાંથી બાકાત છે એટલું જ નહી પણ જ્યારે આજ ક્ષેત્રના તળિયાના લોકો કે જે ખુશ કિસ્મત હશે તો તેમને તુલ્નાત્મક રીતે ફક્ત ૨૭ ટકાના વધારા ઉપર જ સંતોષ માણવો પડ્યો છે. અને આના પરિણામથી તો આપણે બધાં જ વાકેફ છીએ. ગીરવી મૂકવું તેમ જ હિમાલય જેટલી કદાવર ઉધારી અને કરજ અને કરજની હારમાળાઓ.

આધુનિક / મોડર્ન કન્ઝેર્વેટીવ્સનું કહેવું છે કે તેઓ આ અસમાનતા માટે લેફ્ટી જેટલાં જ ચિંતીત છે. (આ મોર્ડન કન્ઝેવર્ટીવ્સે પોતાના વસ્ત્રો બટન બધ્ધ રાખ્યા છે. બાંયો ચઢાવવા ખાતર કે તેના દેખાવ ખાતર પણ કફબટન ખોલ્યા નથી.) કદાચ તેમનું કહેવું, કદાચ સાચું હોય. પરંતુ મિસ્ટર રાજન અને બીજા વધતી જતી સંખ્યા વાળા અર્થશાસ્ત્રીઓના સંદેશા પ્રમાણે આ ભોગવિલાસનો વિરોધ / પ્રતિરોધ એ ફક્ત દેખાવ છે, પોતાના મતદારોને ખુશ કરવા માટેનો (પેતરો) અંતમાં જો આપણે આર્થિક કટોકટીના પુનરાવર્તન પ્રત્યે કે તેના પુનરૂત્થાન પ્રત્યે જરાયે ચિંતિત ન હોઈએ તો પછી આપણે તે આ ધન - સંપતિ અંતર ગાળાની સમસ્યાનો સમાધાન કરવાની પણ જરાયે જરૂર નથી.